श्रीवाचक सकलचन्द्रगणि-विरचित

# सत्तरभेदी पूजा - सस्तबक : अवलोकन

विजयशीलचन्द्रसूरि

श्रीसकलचन्द्रजी उपाध्याय तथा तेमनी सत्तरभेदी पूजा जैन संघ माटे अत्यन्त जाणीती बाबतो छे. १६मा शतकनो पश्चार्ध अने सत्तरमा शतकनो पूर्वार्ध ए तेमनी विद्यमानतानो समय छे. तेमना विषे घणुं लखायुं छे. तेमनी प्राकृत, संस्कृत तथा गुर्जर रचनाओ अनेक छे, जेमां तेमणे धर्म, ज्ञान, वैराग्य, हितशिक्षा, भक्ति, विधि, वगेरे तत्त्वो निरूप्यां छे.

सत्तरभेदी पूजा ए तेमनी प्रभुभक्तिप्रधान, संगीतबद्ध एवी गम्भीर शास्त्रीय रचना छे. आ रचनाए तेमने व्यापक तथा ज्वलन्त कीर्ति आपी छे. सेंकडो वर्षोथी जैन देवालयोमां आ पूजा राग-रागिणी साथे, ठाठथी भणाववामां आवे छे.

जिन भगवानना ५, ८, १७, २१, १०८ एम विविध प्रकारे पूजा रचाती होय छे, तेमां आ १७ प्रकारनी पूजा छे. जुदां जुदां १७ वानां क्रमशः भगवान सन्मुख धरवानां, अने प्रत्येक पदार्थ धरवानी साथे अलग अलग पूजा गाई जवानी होय; तेने पूजा भणावी-एम कहेवाय; दरेक पूजा गवाया पछी ते पदार्थ भगवान समक्ष मूकवामां आवे. ते १७ पदार्थ कया, ते विषे प्रारम्भनी त्रणेक प्राकृत गाथाओमां विगते वात थई छे.

श्रीसकलचन्द्र गणि खूब ज्ञानी, ध्यानी, वैरागी, भक्तकवि हता. तेमने जातजातना अभिग्रहो लेवानो खूब शोख हतो. अभिग्रह एटले प्रतिज्ञा. तेओ एवा प्रखर तपस्वी हता के वारंवार जुदा जुदा अभिग्रह लेतां, अने ते पूर्ण न थाय त्यां सुधी आहार-पाणीनो त्याग करता. एकवार तेमणे एवी प्रतिज्ञा लीधी के गधेडां भूंके नहि त्यां सुधी कायोत्सर्गध्यानमां ऊभा रहेवुं ! आ प्रतिज्ञा ७२ कलाके पूर्ण थई. तेटलो समय अखण्ड ऊभा रह्या, ते समयमां तेमणे १०८ गाथाप्रमाण आ सत्तरभेदी पूजानी रचना करी. आ घटनानो निर्देश पूजाना छेडे आवेल कलशनी ढाळनी छेल्ली कडीना टबार्थमां पण जोवा मळे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आ पूजा-उपर रचायेला बे स्तबक-टबार्थ जोवामां आव्या छे, अने ते बन्नेनी एक एक हाथपोथी प्राप्त थई छे. 'अ.' संज्ञक प्रतिगत टबार्थना कर्ता पं. सुखसागर गणि छे; तेमणे वि.सं. १८००मां स्तम्भतीर्थ (खम्भात) मां टबो लख्यो छे. तेनां पत्र १० छे. ते प्रति कच्छ-नवावास गामना उपाश्रयना ग्रन्थसंग्रहनी प्रति परथी थयेल जेरोक्स प्रतिरूप छे.

बीजी 'ब-' संज्ञक प्रतिगत टबार्थना कर्ता पं. जीवविजय गणि छे. तेमणे सं. १८५४ मां आणंदपुरमां आ टबार्थ लखेल छे. पत्र १२ छे. आ प्रति कच्छ-कोडायना जैन महाजन भण्डारनी क्र. ८१/९१४ नी नकलरूप प्रति छे.

आ बन्ने टबार्थोनुं संकलन करीने प्रस्तुत वाचना तैयार थई छे. ज्यां ब. प्रति जुदी पडी होय त्यां पादनोंध रूपे तेना पाठांश नोंधी मूकेल छे, अने उपर अ. प्रतिना पाठ लीधेल छे.

★

आ टबार्थना आधारे तथा आ बेउ प्रतिओमां आलेखायेल पूजाना मूळ पाठोमां ज्यां ज्यां जे कांई विशेषता के तफावत जणाय छे, तेनी नोंध आ प्रमाणे छे :-

१. प्रचलित वाचनामां, अन्य पूजाओना आरम्भमां जेम 'दूहा' होय छे तेम, अहीं 'वस्तु' छन्द जोवा मळे छे. १७ पूजा, तो १७ वस्तु छन्द. ऐमां जे ते पूजाना वर्ण्य विषयनुं अपभ्रंश भाषामां, पण सघन, छटादार अने अर्थगम्भीर वर्णन थयुं छे. आ वस्तु छन्दो, अहीं आपवामां आवेल सम्पादनमां छे नहि. अर्थात् टबार्थनी बन्ने प्रतिओमां आ छन्दो पण नथी, तेना विवरण रूप टबो पण नथी, के छन्दो विषे कोई नोंध-निर्देश पण नथी.

ए ज रीते, पूजाओना अन्ते काव्य-मन्त्रनो पाठ थाय छे. अहीं १७ पूजानां १७ काव्यो, प्रचलित वाचनामां प्राप्त छे. काव्यो संस्कृतमां छे, अने मुख्यत्वे उपजाति वृत्तमां छे. रचना पण शुद्ध, मधुर, प्रासादिक छे. ते काव्यो के ते परनो टबो, बन्ने प्रतोमां अदृश्य छे.

आम केम हशे ? पूजानी वर्तमाने प्रचलित-मुद्रित वाचना पण मूळे तो कोई हाथपोथीना आधारे ज प्रचार पामी होय छे. तो ते (मुद्रित)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वाचनामां जे बे महत्त्वपूर्ण घटको छे, ते आ बे सस्तबक प्रतोमां गेरहाजर शाथी ? आवो प्रश्न सहेजे थाय.

आना समाधानमां बे कल्पना करी शकाय तेम छे. (१) आ बन्ने घटको अन्यकर्तृक होय अने प्रक्षिप्त होय. एटले के पूजा भणाववाना समये उद्भवेली कशीक आवश्यकतानी पूर्ति माटे कोई विद्वज्जनो आ बे चीजो पाछळथी जोडी होय.

(२) अथवा, आ बन्ने चीजो, १७ छन्द पण अने १७ काव्यो पण, श्रीसकलचन्द्रगणिए ज रची होय, पण ते तेमनी स्वतन्त्र-अलग ज रचनाओ होय; जेने पाछळना समयमां पूजा भणावती वखते, पूजानी साथे संयोजी देवामां आवी होय.

मने बीजी कल्पना वास्तवनी वधु नजीकनी लागे छे. केमके आवी अर्थसभर काव्यमय रचनाओ बीजा कोईनी होय एवुं मानवानुं मन ना पडे छे; साथे ज, आटली सरस रचनाओ, जो मूळ पूजाना ज अंगभूत होय तो, ते पर टबो रचवानुं टाळवानुं जीवविजयगणि के सुखसागरगणिने कोई ज कारण न हतुं. बल्के ते पर टबो लखवानी क्षमता ते बेउमां हती ज, होय ज. एटले एम कल्पी शकाय के टबाकारोना समय सुधी एटले के १८५४ सुधी तो, आ छन्दो तथा काव्यो पूजानां अंग तरीके प्रचलित नहि थयां होय; पण सकलचन्द्रगणिनी स्वतन्त्र रचनाओ लेखे ज ते जाणीतां हशे; तेथी ज बन्ने टबाकारोनी कलम ते विषे प्रवर्ती नहि होय.

२. आ पूजाओनुं जे स्वरूप मुद्रित छे, ते करतां केटलेक स्थळे आ वाचनामां जुदा पाठ जोवा मळे छे; जेमां केटलाक पाठ वधु सारा, साचा अने महत्त्वपूर्ण जणाय छे. ते पाठोनी नोंध आ प्रमाणे छे :-

(१) प्रारम्भिक गाथा क्र. २-

ह. न्हवण विलेवण अंगंमी(मि) ।

मु. न्हवण विलेवण अंगमें ।

प्राकृत गाथा होवानुं जोईए तो ह. पाठ वधु ठीक जणाय.

(२) गा. ३-

ह. आहरणारोहणं चेव ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मु. धयारोहणं आभरणारोहणं चेव ।

*अहीं पण प्रा. गाथाबन्धनी रीते ह. पाठ वधु बेसे छे. १७ नो क्रम तो आ रीते पण बेसे ज छे.*

(३) गा. ४-

ह. ढोयणया ।

मु. ढोयणयं ।

(४) पूजा १, कडी १-

ह. विशदगंधोदकिं । मु. विशुद्ध गंधोदकें ।

(५) कडी २-

ह. यथेंद्रादिका तीर्थगंधोदकिं । मु. यथेंद्रादिकस्तीर्थगंधोदकैः ।

(६) गीत १, कडी ३-

ह. विरताविरती । मु. विरताविरतीकी ।

(७) पूजा २, कडी १-

ह. भाजनां सुरभिरस पूरियां । मु. भाजनं सुरभिरसपूरियं ।

(८) कडी २-

ह. कर अंस सिर भालि गलि । मु. करे अंस सिर भालस्थळे ।

ह. कंठि हृदि उदरे जिननें । मु. कंठ हृदय उदर जिन ।

ह. दुरित कही । मु. दुरित करी ।

(९) गीत २, कडी ३-

ह. तो ही भाव । मु. तो भी भाव ।

(१०) पूजा ३, क. १-

ह. होय ए देव आपो । मु. दोय अम देव आपो ।

(११) गीत ३, क. १-

ह. होय माणिक लेकें । मु. दोय चक्षुवर माणिक लेके ।

ह. मेरे जिनमुख । मु. मेरे प्रभुभुख ।

ह. कृपा करी प्रसाद कीजैं । मु. कृपा करी प्रभु दीजे ।

(१२) क. २-

ह. देखि देखि जिनमुख । मु. देखि देखि प्रभुमुख ।

(१३) पूजा ३, क. २-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ह. | चोथीय पूजमां । | मु. चोथीय पूजामां । |
| ह. | जे जिन सुर० । | मु. जिम जिन सुर० । |
| | (१४) गीत ४, क. २- | |
| ह. | पूजति तिम भवि० । | मु. पूजति भवि० । |
| | (१५) क. ३- | |
| ह. | चूरणवासं | मु. चूरणवासे |
| ह. | मोचंति । | मु. मुंचती । |
| | (१६) पूजा ५, क. १- | |
| ह. | शुचि मेली । | मु. शुचि भेली । |
| | (१७) गीत ५, क. १ | |
| ह. | पंकजोपरि । | मु. पंकज पर । |
| ह. | ओरनकुं । | मु. ओर देवनकुं । |
| ह. | तुह्म सम । | मु. तुज समो । |
| | (१८) पूजा ६, क. १- | |
| ह. | वासंति ए । | मु. वासंतिका । |
| | (१९) क. २- | |
| ह. | पाडलांकोल । | मु. पाडलंकोल |
| | (२०) गीत-६, क. १- | |
| ह. | प्रभु मेरे । | मु. प्रभु हमेरे । |
| ह. | जाइ जन तनु ताप । | मु. जाये जाय तनु ताप । |
| ह. | गलइ ठवी । | मु. कंठ ठवे । |
| | (२१) क. २- | |
| ह. | चडइं दसदिस वासती । | मु. चढे दिसि वासंती । |
| | (२२) पूजा ७, क. १- | |
| ह. | जासूलस्युं चीतरिओए । | मु. जासुदशुं चित्त धरेए । |
| | (२२) क. २-३,- | |

ह. "पंचवरण अंगी प्रभु० चक्कि नामा रे" एम पाठ छे । ज्यारे मु. मां अहीं "सूर्याभादि करत० सुर गाति रे" एम पाठ छे । ए ज प्रमाणे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क. ३मां, ह. मां "चंपकस्यु दमणो० सुर गातइं रे" पाठ छे, ज्यारे मु. मां 'चंपकस्युं दमणो० चक्रि नामा रे" एम पाठ छे । आमां मु. नो क्रम वधु बंधबेसतो लागे छे ।

(२३) कडी-२,-

ह. अंगी प्रभु अंगइं । विरचयति जिम । मु. आंगी जिन अंगे । विरचंति जिम ।

(२४) पूजा ८, क. १-

ह. अंगसु पूजता । मु. अंग सुपूजतां ।

ह. जिनपद करइ भवि बंध । मु. जिनपद भवि करे बंध ।

(२५) क. २-

ह. पूजा जिन० । मु० पूजो जिन० ।

(२६) गीत ८, क. १-

ह. आणंद पूरो रे माई । मु. आनंद पूरे, पूरो रे० ।

(२७) क. २-

ह. करत मन जाणती । मु. करत तिम भविजन ।

(२८) पूजा ९, क. १

ह. अति तुंग । मु. अति उत्तुंग ।

ह. रणरणति । मु. रणझणंती ।

(२९) पूजा १०, क. १-

ह. मां पंक्ति ३-४ छे, ते मु. प्रमाणे ४-३ एम छे ।

ह. पाछि पीरोजडा । मु. पांच पीरोजडा ।

ह. तिहां जड्या । मु. जिहां जड्या ।

ह. काने रविमंडल सम जिनकुंडल दीजीइ ए ।

मु. काने दो कुंडल शशीरविमंडल सम जिनवरने दीजीए ए ।

(३०) गीत १०, क. १-

ह. जिनवर सीसि । मु. जिनवर सीस चड्यो ।

ह. बहु भूषण । मु. वर भूषण ।

ह. दूषण हरो । मु. दूषणहर ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(३१) क. २-

ह. पाचि मोतिनैं । मु. पांच मोतिनैं ।

ह. रयणे जडे । मु. रयणे जड्यो ।

ह. लिओ देउ रे आखंडल । मु. दियो पद लिओ आखंडल ।

(३२) पूजा ११, क. १-

ह. रच्यो । मु. खच्युं ।

ह. सम भावस्युं । मु. सम भागस्युं ।

(३३) क. २-

ह. कुसुमनी जातिस्युं । मु. कुसुमनी भाति शुं ।

ह. वृंदने घोलतूं ए । मु. वृंदने थोभतुं ए ।

(३४) गीत ११, क. १-

ह. मेरा मन रमो । मु. मेरो मन रम्यो ।

(३५) क. २-

ह. कुसुम चंद्रोदय झूमक तोरण । मु. कुसुम झुंमक चंद्रोदय तोरण ।

(३६) पूजा १२, क. १-

ह. विबुध जिम । मु. विविध जिम ।

(३७) क. २-

ह. कनकपूरीसइं । मु. कनकपूरसे ।

(३८) गीत १२, क. १-

ह. द्वादशमी पूजा । मु. द्वादशमी प्रभुपूजा करतां ।

ह. तिम जनमन । मु. जनमन ।

(३९) क. २-

ह. कहावति जडति । मु. कहावती उडते ।

ह. ताण अधो० । मु. ताकु अधो० ।

ह. जो हमु परि । मु. जो हम परे ।

ह. कुसुमपूजा कहइ । मु. कुसुमपूजा करी ।

(४०) पूजा २३, क. १-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ह. | सारवर तंदुला । | मु. शालि वर तंदुला । |
| | (४१) गीत १३, क. १- | |
| ह. | युं रे देखत । | मु. ज्युं रे देखत । |
| | (४२) क. २- | |
| ह. | अष्टमंगल वली । | मु. अष्टमंगलावली । |
| ह. | तुह्म घरिं होइं । | मु. तुम घर फिरी होइ । |
| | (४३) पूजा १४, क. १- | |
| ह. | अंबर तुंबरस्युं मेलीओ रे । | मु. अंबर तगरस्युं भोलिउं ए । |
| | (४४) गीत १४, क. १- | |
| ह. | अती ए धूपी । | मु. आणीए धूपी । |
| ह. | करंता । | मु. करंती । |

मु. मां चोथी एक पंक्ति अधिकः "भवि कुगति शुचति बाली" ।

| | | |
|---|---|---|
| | (४५) पूजा १५, क. २- | |
| ह. | तालमुवगइं । | मु. ताल उवंगे । |
| ह. | जयतमान पडताल एकतालुं । | मु. जयति मान पडतालिकतालूं । |
| ह. | गालो । | मु. गालुं । |
| | (४६) गीत १५, क. १- | |
| ह. | सूयणो । | मु. सयणो । |
| | (४७) क. २- | |
| ह. | तंति वीणा । | मु. तंति वयणो । |
| ह. | वाजति तूर जलद जिम गुहिरं । | मु. वाजति तान मान करि गीतं । |
| | (४८) पूजा १६, क. २- | |
| ह. | अभिनय । | मु. अभिनव । |
| ह. | देवराजा यथा । | मु. देवराजी यथा । |
| | (४९) गीत १६, क. २- | |
| ह. | वेंणी कुसुमबंधी । | मु. वेंणी कुसुम गुंथी । |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(५०) क. ३-

ह. नट्टकुट्टिकं ठहु ठहु विच । मु. नटकटिकट ठह ठह विच ।

ह. हस्तकों मु. हस्तकी ।

(५१) क. ४-

ह. भंति वाजइ । मु. तंति वाजे ।

(५२) पूजा १७, क. १-

ह. रणकालो । मु. रणकार ।

(५३) क. २-

ह. सरती नवि । मु. सुरती नवि ।

ह. वेणी वंश । मु. वीणावंश ।

(५४) गीत १७, क. १-

ह. जीवे घणुं । मु. जीवो घणुं ।

ह. सरणाई बोलै । मु. सरणाई वाजित्र बोले ।

(५५) क. २-

ह. सकल भविकुं प्रभो ! भव न फेरी । मु. सकल भविकुं भवोभव न फेरी ।

(५६) क. ३-

ह. पूजा करो । मु. पूजा करी ।

ह. तूं प्रभु । मु. तुंहि जिन ।

ह. पूजा करो । मु. पूजा करुं ।

(५७) कलशगीत, क. १-

ह. थुणिओ रे प्रभु । मु. थुणिओ थुणिओ रे प्रभु ।

ह. तीन भुवन जन मोहन तूं जिन । मु. तीन भुवन मनमोहन लोचन ।

(५८) क. २-

ह. कवित_ नितु । मु. कवित करी ।

क. २ना तथा ३ नां उत्तरार्धोनो ह. मां व्यत्यय छे । एटले मु. प्रमाणे २मां छे ते ह. मां ३मां छे, अने मु. ३मां छे ते ह.मां २ मां छे. तेमां पाठभेद-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

क. २-

ह. मिथ्यामत । मु. मिथ्यामति ।

क. ३-

ह. कर पसरी । मु. कर फरसी ।

ह. दुरित तिमिर । मु. कुमति तिमिर ।

(५९) क. ४-

ह. चिंतवि तस फल । मु. चिंतवित्त तस फल ।

३. आमांनां केटलाक पाठान्तरो महत्त्वनां छे. दा.त. १. सातमी पूजानी ढाळनी प्रथम कडीमां प्रचलित पाठ '**चित्त धरे ए**' भले बंधबेसतो जणाय, पण त्यां टबा प्रमाणे तथा ह.प्रतो प्रमाणे '**चीतर्यो ए**' एवो पाठ वधु सार्थक बने छे. २. दशमी पूजामां प्रसिद्ध पाठ "**पाँच पीरोजडा**" एवो छे. तेनो अर्थ पण स्पष्ट छे के लाल हीरा अने तेमां फरता पांच पीरोजा विधिवत् जड्या छे.' ते सामे ह.प्र.नो पाठ आवो छे "**पाछि पीरोजडा**". अर्थात्, पाछि एटले पाछळ-पृष्ठभूमां पीरोजा रत्न (भूरो रंग), ते उपर लाल हीरा (प्रवाल वगेरे) विधिवत् जडेला छे. अहीं लाल-वादळी रंगोनो जे एक रंगमेळ (Contrast) रचाय छे, तेने कवि शब्दचित्र द्वारा देखाडी रह्या छे. ३. १२मी पूजामां आवतुं पदगुच्छ "**जिम मिले कनकपूरसे**" – आ प्रसिद्ध पाठनो अर्थ 'कनक-सुवर्णना पूर साथे मळवुं' एवो ज सौ विचारे. अहीं ह.प्र.मां टबाकारे तेने स्फुट करी आप्यो छे : "**जिम मिलइं कनक-पूरीसइं**" अर्थात् 'जेम कनक-सुवर्णनो पुरुष (सुवर्ण-पुरुष) मळे ने हर्ष थाय तेवो हर्ष आ पूजामां छे ! आ अर्थ जोतां आ पाठ केटलो अर्थपूर्ण लागे ! ४. आ ज ढाळमां कडी २मां "**भमर पइं कहावती उडतें**" आवो मुद्रित पाठ छे. 'भ्रमर' साथे 'उडते' बेसी पण जाय. ह.प्र.नो पाठ आवो छे : "**भ्रमर पइं कहावति जड तिं**", अर्थात् 'ते जड एवी कुसुम-माला (गुंजारव करतां) भमराना मोंए जाणे कहावे छे के.' आ अर्थ केटलो काव्यमय अने सुसंगत बने छे ! ५. १३मी पूजामां "**शालि वरतंदुला**" पाठ जाणीतो छे. 'शालि' पण ने 'तंदुला'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पण ? जरा विचित्र लागे. ह.प्र. समाधान आम आपे छे : "**सार वर तंदुला**". केटलो सुन्दर पाठ !. ६. १४मी पूजाना गीतनुं मुख-वाक्य "आणीए धूपी धूमाली" एवुं गवाया करे छे. धूपधाणामां देवता जगे छे, तेमां धूप नाखतां ज धूमावली प्रसरी गई छे, हवे तेने 'आणवानी' क्यांथी ? केवी रीते ? जामतुं नथी. ह.प्र.नो पाठ मूंझवण दूर करी आपे छे : "**अती ए धूपी धूमाली**" – 'आ धूप भरी धूमावली केवी अतिशायी छे !' अहीं 'अती'मां लेखन के वाचनना दोषे 'अनी' थयुं हशे; अर्थ संगति माटे लेखनदोष कल्पीने तेने 'आनी' तरीके स्वीकार्यु हशे; अने पछी दूर रहेला 'ए'ने 'आनी' साथे जोडी दई 'आनी(णी)ए' एवो मेळ पाड्यो हशे ! अद्भुत ! ७. १६मी पूजा नृत्य-नाट्यपूजा ज छे अने तेमां "**अभिनय**"नी हाजरी अनिवार्यपणे होय-होवी ज घटे, पण आपणे तेने "**अभिनव**" बनावीने चाल्या छीए. ८. सत्तरमी पूजामां पण बधां ज वाजिंत्रो ज्यारे प्रभुपूजामां लागी जतां होय त्यारे 'रणवाद्य' शा माटे अलिप्त रहे ? कविए तेनो निर्देश "**सरणाई रणकालो**" एम आप्यो ज छे. पण आपणे 'रणकाल एटले रणतूर-रणवाद्य' ए पल्ले ना पड्युं, एटले आपणे कर्युं "**रणकारो**" ! सरणाईनो पण रणकार होय के ? तो आम ह.प्र. द्वारा केटलीक सरस पाठशुद्धि थई शके छे.

४. आ समग्र पूजा शुद्ध शास्त्रीय संगीतना रागोमां गुंथाई छे. मुद्रित वाचनामां निर्देशाएल तथा ह.प्र.मां नोंधेल रागो महदंशे समान छे. परन्तु केटलेक स्थाने तफावत पण जोवा मळे छे. जेमके- ढाल १, राग-देशाख. गीत १, अडाणो, मलार-केदारो मिश्रित. गीत २, तोडी के वैराडी. अहीं गीतने '**दुआलुं**' ए नामे ओळखावेल छे, जेनो मर्म पकडातो नथी. गीत ३, राग-अधरस. गीत ४, टोडी के रामगिरी. ढाल ५, आसाउरी सादो. आ '**सादो**' एटले शुं ? जाणकारो कहे छे के चालु गवातो ते सादो, अने कोमल रिषभ आशावरी ते विशेष. आ पृथक्करण अन्य रीते पण होई शके. गीत ६नो राग सबाब के शबाब ते ह. प्रमाणे 'सबाफ' छे. आ राग हाल चलणमां के जाणीतो नथी एवुं सांभळेलुं छे. ढाल ७, गोडी सादो. आमां पण एकाधिक प्रकारने

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लीधे 'सादो' शब्द मूकेल हशे. मुद्रित – प्रमाणे आ 'गोडी सिंधुओ' छे. ढाल ९, राग तो गोडी ज छे, पण आ ढाल 'वस्तु' छन्दमां छे, अने तेनो ताल 'जाफरताल' छे, एम ह. नोंधे छे. ढाल १०, 'धवलनी देशी'मां (पण) गवाय. धवल एटले 'धोळ', 'धवल-मंगल' ज समजीए. गीत १०, मु. मां गोडी, ह.मां तोडी, ते पण त्रिताली-त्रितालमां. ढाल ११, केदारो तथा गौडी. गीत १३, मु. प्रमाणे 'महावसंत', ह.मां 'वसंत' ज. ढाल १४, आना गोडी रागने ह.मां 'गोडो' के गौड' नामे नोंधेल छे. ढाल १५, 'त्रिवेणी गोडी'. मु. मां श्रीराग छे. ढाल १६, सोरठी ने मधुमादन. आ बीजो राग हाले प्रचारमां हशे ? सांभळ्युं नथी. उपरोक्त 'त्रिवेणी' ने 'अधरस'नुं पण एम ज होय तेम लागे छे. ढाल १७मां राग तो 'सामेरी' छे ज, पण तेनी देशीनुं पण नाम अहीं मळे छे : 'त्रिपदी थोयनी देशी'. गीत १७, मु. प्रमाणे राग-गूर्जरी तो ह.मां 'कडखौ'(कडखानी देशी). कलशगीतने 'धन्यासी-मिश्र' गणावेल छे.

५. टबामां केटलाक मुद्दा परत्वे नोंध वा छणावट मळे छे ते ध्यानार्ह लागवाथी अत्रे ते विषे नोंध आपवामां आवे छे :-

(१) प्रारम्भिक दूहात्मक गाथा ४ ना टबारूपे तथा १३ मी पूजानी पछी एम बे बखत आरती-मंगलदीवो क्यारे करवा, ते मुद्दे चर्चा छे. टबाकार एम सूचवे छे के धूप, अक्षत, नैवेद्य वगेरे रूप पूजा करवा पूर्वे ज आरती-मंगलदीवो करवां जोईए. ते पछी उक्त पूजाओ, ने छेल्ले ८ मंगल-आलेखन होय.

कोई मत एवो पण छे के पूजानी पहेलां स्नात्र करे त्यारे स्नात्र बाद तुर्त आरती-मंगलदीवो करी लेवाय, एटले अहीं १३मीं पूजारूपे ८ मंगल रचवानो बाध नथी रहेतो. अहीं तर्क एवो आपेल छे के नित्य पूजाने छेडे पण जो आरती व. थतां होय तो स्नात्र पछी तो खास करवां ज रहे; भले पछी मोटी पूजा थवानी होय.

आ बधुं जणाव्या पछी पण लेखक कशो आग्रह राखवानी ना पाडे छे, ने बहुश्रुतनी आज्ञा प्रमाणे तथा वीतरागनी भक्ति योग्य रीते थाय तेम वर्तवानुं सूचवीने पोतानी वात पूरी करे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्नात्र पछी कलश, पछी आरती-दीवो, पछी ८ मंगलने स्थाने स्वस्तिक, अने नैवेद्यपूजाने स्थाने 'अक्षत-त्रिण पूजा' अर्थात् अक्षतनी ३ ढगलीओ (जेने वर्तमानमां ज्ञान-दर्शन-चारित्रनी ढगलीओ गणवामां आवे छे ते) करवानो निर्देश पण अहीं सांपडे छे; तेने ज नैवेद्यपूजा गणवानुं कहे छे.

आ पछी मूल विधिनो निर्देश देतां कहे छे के 'पण नैवेद्यपूजा तो ४ प्रकारना आहार (अशन-पान-खादिक-स्वादिम) थकी ज करवी जोईए ! आटलुं कहीने पण छेवटे 'कोई हठ नथी', 'यथाशक्ति करवुं' एमतो कही ज दे छे. टूंकमां, आ बेऊ नोंधो मननीय छे.

(२) प्रथम ढाल (पूजा)ना टबामां 'न्हवण' (जल) पूजाना विधानमां श्रावकने आभूषणोथी अलङ्कृत थवानो निर्देश थयो छे; तेमांये हाथमां वेढ-वेंटी (वींटी) पहेरवानुं खास सूचन करेल छे. कलश कुल पांच सूचव्या छे, तेमां १ कलश दूधनो अने ४ शुद्ध (अबोट) जलना लेवानुं जणाव्युं छे. वर्तमान पूजापद्धतिमां आथी विपरीत रीते ४ दूधना ने १ जलनो लेवामां आवे छे. आ प्रथाना औचित्य सामे प्रस्तुत निर्देश मार्गदर्शक बने तेम छे.

(३) नव अंगे तिलक प्रभुने शा माटे ? तेनां तात्त्विक कारणोनी चर्चा द्वितीय पूजाना टबामां मळे छे : नव वाडनी विशुद्धि अर्थे, नव नियाणां टाळवा माटे नव अंगे पूजा छे.

आ पूजा पण सृष्टिक्रमे करवानी छे, संहारक्रमे नहि, तेनो संकेत पण ते ज ढालमां जडे छे.

(४) बीजी पूजाना गीतमां केशर, चन्दन, घनसार (बरास)-ए त्रण वानांनुं मिश्रण करी पूजा करवानी वात करतां कह्युं के आ ३ नो घोल करवानुं रहस्य ए छे के आ ३मां वर्ण, गंध, शीतलता-ए ३ गुणो होवाथी ते ३नो घोल लेवानो छे. केसरनो वर्ण (रंग), चन्दननो गन्ध (सुवास) अने घनसारमां ठंडक - ए त्रणेनी अहीं युति थाय छे. सरस वात थई छे आ.

(५) तो एक विशिष्ट वात आ ज गीतमां ए पण थई छे के, पूज्य एवा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जिनबिम्बने तो ९ अंगे तिलक करवानां ज, परन्तु ते करतां अगाऊ, पूजके पोताना अंग पर पण ४ तिलक करवानां छे, ते आ प्रमाणे - "**अहो भालथल, कंठ, रिदय, उदरि च्यार, सयं पूजाकार**" अर्थात् पूजा करनारे, पोताना ललाटे - भगवाननी आज्ञा माथे चडाववानी भावना साथे १, कंठे - प्रभुना गुण गावानी भावनापूर्वक २, हृदये - प्रभुना गुणोना चिन्तननी भावनाथी ३, उदरे - प्रभुगुणगाननी अतृप्ति : हजी ये पेट भरायुं नथी - एवा भाव साथे ४, आम ४ तिलक करवानां छे; ते माटेनो द्रव कपूर, अगरु, कस्तूरी, चन्दन ए ४ थकी नीपजाववानो छे.

(६) कुमारपाले पांच कोडीना फूले पूजा कर्यानी वार्ता जाणीती छे. अहीं १२मी पूजा (गीत)मां सात कोडीनां १८ फूल वडे पूजा करवाथी १८ देशनो राजा थवानी वात जोवा मळे छे.

तो तेरमी पूजामां 'नंदावर्तक' नो परिचय 'नवखूणालो साथीओ' एवो आपेल छे.

आवी बीजी पण अनेक वातो, विषयो, जिज्ञासुने आमांथी जडी शके. अहीं तो मात्र दिशानिर्देश कर्यो छे.

★

बे हस्तप्रतोने आधारे साध्वी श्री दीप्तिप्रज्ञाश्रीजीए आ वाचना यथामति तैयार करी छे; बन्नेना पाठोनुं संकलन तेमणे ज कर्युं छे. पाठान्तरो पण घणी चीवटपूर्वक तेमणे ज लीधां-नोंध्या छे. आम छतां तेमां कोई क्षति जणाय तो सुधारी लेवानो अनुरोध छे. तेमने आ श्रमसाध्य काम कुशलतापूर्वक करवा माटे धन्यवाद घटे छे.

आ बन्ने प्रतोनी झेरोक्स आपवा माटे ते ते ज्ञानभण्डारोना कार्यवाहकोनो आभार मानवो ज जोईए.

## थोडाक शब्दो

| | |
|---|---|
| चूलातला | (?) (पूजाप्रारम्भनी त्रीजी गाथामां) |
| ढोणुं | ढौकन (अर्पण, धरवा) योग्य पदार्थ-(फल-नैवेद्यादि) |
| उपायलो | 'ऊचाट'ना अर्थमां, पर्याय तरीके प्रयुक्त |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| मसमसाट | मघमघाट |
| महमहाट | मघमघाट |
| चांपा | चंपा |
| टोडर | फूल |
| जास्यूं | जासुद |
| घंमंड | आनन्द |
| ग्रहणा–गरहणा | घरेणां |
| वालणी, वलण | आ बन्ने शब्दो पूजानी ते पंक्तिना आवर्तन (गाती वेळा)नो संकेत करे छे. |
| राजेवा | राजा जेवां |
| शोभाव | स्वभाव |
| मावरदी | धूपजातिनो कोई प्रकार |
| गीयतइं | गीयते (गवाय) (?) |
| आस्ता | आस्था |
| गोहिरें | गंभीर |
| महमूर | (?) (८मी पूजाना गीतमां) |
| गोप | गोफ–गुम्फ (फूलना) |

बीजी पूजानी क. १ना टबामां "**कृष्णवाडीनुं खाटी कुंकूंशब्द कष्णो छइं ।**" एवुं वाक्य छे, जे समजातुं नथी.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org